# બારડોલીમાં લાખોના ખર્ચે રોપાયેલી નાગાલેન્ડની ખજૂરીઓ મૂરઝાઇ ગઈ!

**સુરતીઝાંપાથી** લીમડા ચોક સુધીની તમામ ખજૂરી સુકાઇને તૂટી પડી, માત્ર થડ જ બાકી રહ્યા



બારડોલીઃ બારડોલીના સુરતી ઝાપાથી લીમડા ચોક સુધીના માર્ગ પર હેરિટેજ થીમ પર નિર્માણ કરવામાં આવ્યું છે. જો કે, આ હેરિટેજ થિમનું 6 મહિનામાં જ અચ્યુતમ કેશવમ થઈ ગયું છે. ડિવાઈડર પર લાખો રૂપિયાના ખર્ચે રોપવામાં આવેલ ખજૂરીના ઝાડ સુકાઈને ખરી પડ્યાં છે. કોન્ટ્રાકટરે હેરિટેજના નામે પાલિકા અને નગરજનો સાથે છેતરપિંડી કરી હોવાનો લોકો અનુભવ કરી રહ્યા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી નગરપાલિકા દ્વારા સુરતી ઝાપાથી લીમડા ચોક અને ત્યારબાદ લીમડા ચોકથી સ્ટેશન સુધીના માર્ગને હેરિટેજ થીમ પર વિકસાવવા માટે પાંચ કરોડથી પણ વધુની રકમ ફાળવવામાં આવી છે. જો કે કોન્ટ્રાક્ટર અને પાલિકાના અધિકારીઓની બેદરકારીને કારણે લાખો રૂપિયાના ખર્ચે બની રહેલા આ હેરિટેજ ડિવાઈડર પ્રોજેક્ટ નિષ્ફળ રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ખજૂરી તેમજ અન્ય ફૂલછોડ રોપવામાં આવ્યાં છે તેની માવજત કોન્ટ્રાક્ટર કે પાલિકા દ્વારા કરવામાં આવી ન હોય આ સ્થિતિ ઊભી થઈ છે. આજ થીમ પર સ્ટેશન રોડ પર પણ ડિવાઈડર બનાવવામાં આવી રહ્યા છે. જો કે, હજી ત્યાં વૃક્ષારોપણ બાકી છે. ત્યારે અહીં પણ આવી સ્થિતિ ઊભી ન થાય તે જોવાની જવાબદારી નગરપાલિકાના અધિકારીઓની છે. પરંતુ અધિકારીઓ કામગીરી પર દેખરેખ રાખતા ન હોય કોન્ટ્રાક્ટર દ્વારા અહીં પણ હલકી કક્ષાની માટી નાંખવામાં આવી રહી છે. જેને કારણે વૃક્ષોનું જતન થવું મુશ્કેલ બની શકે છે.

બારડોલીના આ હેરિટેજ ડિવાઇડર પર સુરતીઝાંપા પાસે બનાવવામાં આવેલ બારડોલી ચક્રના સર્કલ પર સુશોભન માટે રોપવામાં આવેલા છોડ પણ જાળવણીના અભાવે સુકાઈ ગયાં છે. એટલું જ નહીં આ ખજૂરી ખાસ નાગાલેન્ડથી મંગાવવામાં આવી છે. હાલ આ રસ્તા પર 23 જેટલી ખજૂરી લગાવવામાં આવી છે. 12500 રૂપિયાની એક ખજૂરી પંદર વર્ષ જૂની છે. પરંતુ આ તમામ ખજૂરીનાં પાંદડાં ખરી પડ્યાં છે અને માત્ર થડ રહ્યા છે. દિવાળીમાં સજાવવામાં આવેલ આ ડિવાઇડર હવે ખરેખર ઐતિહાસિક ન બની જાય તો જ નવાઈ.

### એજન્સી રિપ્લેસ કરશે: પંકજ પટેલ

બારડોલી નગરપાલિકાના ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ પંકજ પટેલે જણાવ્યું હતું કે, ત્રણ વર્ષ સુધી એજન્સીએ જ ડિવાઇડરની દેખરેખ રાખવાની છે. ખરાબ થઈ ગયેલી ખજૂરીનાં વૃક્ષ પણ એજન્સી દ્વારા રિપ્લેસ કરવામાં આવશે.

## વણેસા ખાતે આયુષ્માન આરોગ્ય મંદિરના નવા મકાનનું લોકાર્પણ



ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હસ્તક વણેસા ખાતે નિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરના નવા મકાનનું લોકાર્પણ સોમવાર, તા.16 માર્ચ-2026ના રોજ સવારે 11 વાગ્યે યોજાયું હતું. આ કાર્યક્રમનું લોકાર્પણ જિલ્લા પંચાયત સુરતના પ્રમુખ ભાવિનિબેન એ. પટેલ, અને આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશનભાઈ એ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પલસાણાના પ્રમુખ યોગેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ભાવનાબેન તળાવિયા, તાલુકા સંગઠન પ્રમુખ કૃણાલભાઈ પટેલ, માજી પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ પટેલ, તથા વણેસા ગામના સરપંચ દર્શનકુમાર એમ.પટેલ, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર, તાલુકા આરોગ્ય અધિકારી, ડૉ મધુકુમાર ઈન્જામોરી, સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉકાઇ ઉદવહન યોજનામાં 700 ખેડૂતો સિંચાઈના પાણીથી વંચિત

**મોઘવણના** ખેડૂતોએ ઝાખરી કચેરી ગજવી, ઉગ્ર આંદોલનની ચીમકી



સોનગઢઃ સોનગઢના મોઘવણ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારના ખેડૂતો માટે અતિ મહત્ત્વની અને જીવાદોરી સમાનગણાતી ઉકાઇ ઉદવહન (લિફ્ટ) સિંચાઈ યોજનામાં પૂરતું પાણી ન મળતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે મોઘવણના સરપંચ સુનીલભાઈ ગામીતની આગેવાનીમાં મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતોએ તા.16-5-2026ના રોજ સિંચાઈ પેટા વિભાગની ઝાખરી વિભાગીય કચેરીના ડેપ્યુટી એન્જિનિયર નિકુંજ ચૌધરીને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું હતું.

ખેડૂતોએ રજૂઆત કરી છે કે, હાલમાં જે પાઈપલાઈન દ્વારા પાણી આપવામાં આવે છે, તેમાં મૂકવામાં આવેલો વાલ્વ નાનો હોવાથી પાણી માત્ર અડધો કિલોમીટર સુધી જ પહોંચે છે. જેના કારણે છેવાડાના ખેડૂતો સુધી પાણી નથી પહોંચી રહ્યું. જો આ પાઈપલાઈનમાં ચકવાણ ગામ પાસે મોટો વાલ્વ મૂકવામાં આવે, તો પાણીનો પ્રવાહ 9થી 10 કિલોમીટર સુધી પહોંચી શકે તેમ છે. આ ફેરફારથી કાળાઘાટ, સાતશીલા, મૈચાલી, ચકવાણ, બોરકૂવા, કારાગઢ અને મોઘવણ જેવાં ગામોના ચેકડેમોમાં પાણીની આવક વધશે અને અંદાજે 700 જેટલા ખેડૂતોને સીધો સિંચાઈનો લાભ મળશે. ખેડૂતોએ આવેદનપત્રમાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો વહેલી તકે મોટો વાલ્વ મૂકીને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી સમયમાં ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

આ મામલે ડેપ્યુટી એન્જિનિયર નિકુંજ ચૌધરીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી કોઈ લેખિત મૌલિક ફરિયાદ ન હોવાથી આ વિષયની જાણ ન હતી, પરંતુ આવેદનપત્ર મળતાં જ મેં તાત્કાલિક સ્થળ તપાસ કરાવી છે. હાલ પાણી શરૂ જ છે. પરંતુ પૂરતું પાણી મળી રહે એ માટે લાંબા સમય સુધી વાલ્વ ખુલ્લા રાખી પાણી છોડવાની સૂચના આપી દેવામાં આવી છે અને આ અંગે સરપંચને લાઈવ વિડીયો ફોટા સાથે પણ જાણ કરી દેવાઈ છે.

# કીમ ચાર રસ્તા પાસે બબાલ બાદ એસટી બસમાં કિન્નરોને નો એન્ટ્રી

**એસટી** બસમાં મુસાફરો સાથે ઘર્ષણ બાદ એસટી તંત્રનો પરિપત્ર



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કીમ ચાર રસ્તા ખાતે તાજેતરમાં એસટી બસમાં કિન્નર દ્વારા મુસાફરો પાસેથી બળજબરીપૂર્વક પૈસા પડાવવા અને મારપીટ કરવાની બનેલી ઘટના બાદ એસટી તંત્ર હરકતમાં આવ્યું છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડતાં ગુજરાત રાજ્ય એસટી નિગમ દ્વારા તાત્કાલિક ધોરણે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં કીમ ચાર રસ્તા તેમજ કામરેજના ચોર્યાસી ટોલ નાકા પાસેથી પસાર થતી કોઈપણ એસટી બસમાં કિન્નરોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો કડક આદેશ કરવામાં આવ્યો છે.

થોડા સમય પહેલા કીમ ચાર રસ્તા નજીકથી પસાર થતી એસટી બસમાં કિન્નર દ્વારા દાદાગીરી કરી મુસાફરો પાસેથી પરાણે પૈસા ઉઘરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મુસાફરોએ 20 કે 50 રૂપિયા આપવા છતાં કિન્નરે મનમાની ચલાવી એક મુસાફરને ચાર-પાંચ તમાચા મારી ગંદી ગાળો ભાંડી આતંક મચાવ્યો હતો. આ અંગે જાણ થતા પાલોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કિન્નરને પોલીસ ચોકીએ લઈ ગઈ હતી. જો કે, ત્યાં પણ કિન્નરે વધુ ઉગ્ર બની પોલીસકર્મીઓ સાથે ગેરવર્તણૂક કરી હોબાળો મચાવ્યો હતો. આ મામલે ફરિયાદ નોંધાતાં પોલીસે કિન્નરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, નિર્ધારિત રૂટ પરથી પસાર થતી કોઈપણ બસમાં કિન્નરોને એન્ટ્રી આપવી નહીં. આ સૂચનાનું ચુસ્ત પાલન કરવાની જવાબદારી જે-તે બસના ડ્રાઈવર અને કંડક્ટરની રહેશે. જો કોઈ બસમાં કિન્નરને પ્રવેશ આપવામાં આવશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ડ્રાઈવર-કંડક્ટરની ગણાશે તેવી તાકીદ પણ કરવામાં આવી છે. તંત્રના આ કડક વલણને કારણે અવારનવાર કિન્નરોનો શિકાર બનતા મુસાફરોમાં રાહતની લાગણી પ્રસરી છે.

## બારડોલી નાગરિક સહકારી બેંકની છટ્ઠી શાખાનો નવસારીમાં પ્રારંભ



બારડોલીઃ સહકારી ક્ષેત્રે અગ્રેસર 'ધી બારડોલી નાગરિક સહકારી બેંક' દ્વારા પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરતા નવસારીમાં છઠ્ઠી શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. બેંકિંગ ક્ષેત્રના અગ્રણી એડવોકેટ ગૌતમ વ્યાસના હસ્તે આ શાખાનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ગૌતમ વ્યાસે જણાવ્યું હતું કે, નવી શાખાનો ઉદ્દેશ માત્ર કમાણી કરવાનો નથી, પરંતુ મધ્યમ અને ગરીબ વર્ગના જરૂરિયાતમંદ લોકોની સેવા કરી તેમનો આર્થિક વિકાસ સાધવાનો છે. ગુજરાતમાં શ્રેષ્ઠ થાપણ અને ધિરાણ દર સાથે પ્રથમ હરોળમાં સ્થાન ધરાવતી આ બેંક હવે નવસારીના આર્થિક માળખાને વધુ મજબૂત બનાવશે. કાર્યક્રમમાં બેંકના ચેરમેન ડો.જયેશ સોલંકી, એમ.ડી. ડો.પુષ્પકાંત પાંડે સહિત અનેક રાજકીય અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જયેશ પટેલ

# મંદરોઈમાં અસામાજિક તત્ત્વોએ રૂ.7 લાખનો પાક નષ્ટ કર્યો

**પરવળના** માંડવામાં ઝેરી દવા છાંટી નુકસાન કરતાં ખેડૂતે ઓલપાડ પોલીસને અરજી કરી

સાયણઃ ઓલપાડ તાલુકાના મંદરોઈ ગામે ખેતી કરતા અને સુરત પાલિકામાં ફરજ બજાવતા પ્રગતિશીલ ખેડૂત અરવિંદભાઈ રણછોડભાઈ પટેલની મહેનત પર અજાણ્યા ઈસમોએ પાણી ફેરવી દીધું છે. ગણોતથી રાખેલી બે વીઘાં જમીનમાં ખેડૂતે દોઢ લાખના ખર્ચે પરવળનું વાવેતર કર્યું હતું. હાલમાં જ્યારે ઉત્પાદન શરૂ થયું અને રૂ.૧૨૦૦ પ્રતિ મણનો ભાવ મળી રહ્યો હતો, ત્યારે કોઈ અસામાજિક તત્ત્વથી ખેડૂતની આર્થિક ઉન્નતિ સહન ન થતાં ગત ૮મી માર્ચે રાત્રિના સમયે આખા માંડવામાં 'ટુ-ફોર-ડી' નામની ઘાસ મારવાની ઝેરી દવા છાંટી દીધી હતી. ઝેરી દવાની અસરથી ગણતરીના દિવસોમાં જ લીલાછમ વેલા અને પાંદડાં સુકાઈ જતાં અંદાજે રૂ.૭ લાખથી વધુનું આર્થિક નુકસાન થયું છે. આ મામલે ખેડૂતે ઓલપાડ પોલીસ મથકમાં ન્યાયની ગુહાર લગાવી છે. પોલીસે સ્થળ તપાસ કરી વિડીયો શૂટિંગ તો કર્યું છે, પરંતુ હજુ સુધી ગુનો નોંધાયો નથી. નિર્દોષ ખેડૂતને થયેલા આ મોટા નુકસાન સામે પોલીસે સત્વરે તપાસ કરી આરોપીને ઝડપી પાડવો જોઈએ તેવી લોક માંગ પ્રબળ બની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપરપાણી ગામે પુલ પરથી કાર નીચે ખાબકી

વાંકલઃ વાંકલના પીપરપાણી ગામ નજીક ભયજનક વળાંકમાં આમખુટા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ગીરીશભાઈ ચૌધરીની કાર પુલ પરથી નીચે ખાબકી હતી. જેને જેસીબીની મદદથી બહાર કાઢવામાં આવી હતી. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ પુલિયા પર રેલિંગના અભાવે ઘણા અકસ્માતો સર્જાય છે. જેથી માર્ગ-મકાન વિભાગ આ જોખમી વળાંકમાં વહેલી તકે રેલિંગ લગાવે એવી માંગ કરી ઊઠી છે.

### વણેસામાં અકસ્માતમાં સુરતના યુવકનું મોત

પલસાણાઃ વણેસા ગામની સીમમાં ગત મોડી રાત્રે અજાણ્યા વાહન ચાલકે મોટરસાઈકલને અડફેટે લેતાં એકનું મોત થયું હતું. મૂળ નાનપુરાના અને હાલ ઇસરોલી રહેતા ૪૩ વર્ષીય સાજીદભાઈ કુરેશી સુરતથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવતા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓ થતાં તેમને બારડોલીની હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાના નાની ચીખલી ગામે કારે બુલેટને ટક્કર મારતાં યુવકનું મોત

વ્યારાઃ વ્યારામાં નાની ચીખલી ગામમાં બેફામ કારચાલકે બુલેટ સાથે એક્સિડન્ટ કરતાં યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગત તા.15-3-2026ના રોજ સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં મયંકભાઈ શિવાજીભાઈ ગામીત (ઉં.વ.32) (રહે.,નાની ચીખલી, મોટું ફળિયું, તા.વ્યારા) પોતાના બુલેટ નં.(GJ 26 M 4531) લઈને ગામમાં આવેલા મેદાન તરફ જઈ રહ્યો હતો. દરમિયાન કાર નં.(GJ 26 AB 6391)ના ચાલકે પોતાની કારને ગફલતભરી રીતે હંકારી લાવી મયંકના બુલેટને ટક્કર મારી દેતાં મયંકને વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન મયંકનું મોત નીપજ્યું હતું.

### વાલોડમાં જુગાર રમાડનાર ઝડપાયો

વાલોડઃ વાલોડ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા. દરમિયાન તેમને બાતમી મળતાં તેઓ વાલોડમાં પુલ ફળિયા નજીક પહોંચ્યા હતા. જ્યાં એક ઈસમ આંબા નજીક બેસી ત્યાંથી પસાર થતાં લોકો પાસે પૈસા લઈ ટાઈમ અને મિલન બજારના અંકો લખી જુગાર રમાડી રહ્યો હતો. પોલીસે જુગાર રમાડનાર શખ્સને ઝડપી પાડી તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ વિનોદભાઇ જેસિંગભાઈ ચૌધરી (રહે., ચૌધરી ફળિયા, ડુમખલ, તા.વાલોડ)નું હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી રૂ.280નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### અનાવલમાં હર હર મહાદેવ અને ચંદ્રિકા માતાજીનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



સલીમ દિવાન

ભોરિયાઃ અંબિકાના ભોરિયા ગામે ૧૫૦ વર્ષ જૂના ઐતિહાસિક હર હર મહાદેવ અને ચંદ્રિકા માતાના નવનિર્મિત ગર્ભગૃહનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ શ્રદ્ધાભેર ઉજવાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા સહિત મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવ દરમિયાન નગરયાત્રા અને ઓમકથાનું આયોજન કરાયું હતું. મંદિરે ધજા-કળશની બોલીમાં બારડોલીનાં ગીતાબેન દેસાઈએ ચંદ્રિકા માતાના કળશ માટે અને ધજા માટે લાખોની બોલી બોલી લાભ લીધો હતો. જ્યારે મહાદેવની ધજા માટે વિકાસભાઈ ભાવસારે બોલી લગાવી હતી. રંજનબેન જીતેન્દ્રભાઈ તરફથી ₹૪૫,૦૦૦નું દાન પ્રાપ્ત થયું હતું. નૈનેશભાઈ દેસાઈ અને યુવા ટીમની મહેનતથી આયોજિત આ કાર્યક્રમમાં હજારો ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### મહુવાના વાંસકુઈ ગામે બંધ મકાનમાં ચોરી



મેહુલ પટેલ

અનાવલઃ મહુવાના વાંસકુઈ ગામે તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી તાળું તોડી કબાટમાંથી ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. ફરિયાદી ચેતનાબેન મેહુલભાઈ પટેલ (રહે..પાંડવ ફળિયા, ડોલવણ)નાં મમ્મી દક્ષાબેનનું મકાન મહુવાના વાંસકુઈ ગામના નેવાણીયા ફળિયા ખાતે આવેલું છે. તા.૧૪/૩/૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦થી તા.૧૫/૩/૨૦૨૬ના સવારના ૮:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન મકાન બંધ હતું. આ તકનો લાભ લઈ કોઈ અજાણ્યા તસ્કરોએ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરના રૂમમાં રાખેલા પતરાના કબાટમાંથી આશરે ૧૨૦ ગ્રામ વજનની બે જોડી ચાંદીના સાંકળા (કિંમત અંદાજે ₹૧૦,૫૦૦) અને આશરે ૪૦ ગ્રામ વજનના હાથમાં પહેરવાના ચાંદીના બે નંગ લુઝ (કિંમત અંદાજે ₹૬,૩૦૦) મળી કુલ ₹૧૬,૮૦૦ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ બનાવ અંગે ચેતનાબેને મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉચ્છલના ટાવલી પાસે કાર-મોપેડ અથડાતાં એકનું મોત, બે ગંભીર

**અકસ્માત** સર્જનાર કારચાલક બુટલેગર હોવાની સ્થાનિકોમાં ચર્ચા



વ્યારાઃ ઉચ્છલના ટાવલી ગામે કાર અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાતાં મોપેડ પર સવાર ત્રણ યુવાન પૈકી એકનું સારવાર માટે લઈ જતાં મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બેને ગંભીર ઈજા થતાં વ્યારા અને સુરત ખાતે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ઉચ્છલથી નિઝર તરફ જતાં સ્ટેટ હાઈવે નં.80 પર ટાવલી ગામની સીમમાં ગત તા.15-3-2026ની રાત્રિના સાડા દસ વાગ્યાના અરસામાં કાર નં.(GJ 15 CN 9594)ના ચાલકે પોતાની કારને ગફલત ભરી રીતે હંકારી લાવી સુઝુકી એક્સસ મોપેડ નં.(GJ 26 AL 2261)ને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જેમાં મોપેડ પર સવાર ઉચ્છલના માણેકપુર મોપેડ ચાલક વિશાલભાઈ રણજીતભાઈ માવચી અને મોપેડ પર સવાર પ્રિતેશ જયંતીલાલ નાઈક અને પરેશ ફતેસિંહ વસાવા (ઉં.વ.34)ને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. દરમિયાન પરેશ વસાવાનું સારવાર માટે લઈ જતાં મોત નીપજ્યું હતું. જ્યારે મોપેડ ચાલક વિશાલ અને મોપેડ પર સવાર પ્રિતેશને 108 એમ્બ્યુલન્સમાં વ્યારા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાંથી પ્રિતેશને વધુ સારવાર માટે તબીબે સુરત ખાતે રીફર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉચ્છલના માણેકપુર ગામના ત્રણ યુવાનો જેઓ મોપેડ પર બેસીને લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. જો કે, ટાવલી ગામની સીમમાં બુટલેગર કારચાલકે ટક્કર મારતાં એકનું મોત થયું હતું અને અન્ય બે યુવાનને પણ ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. ઉચ્છલ પોલીસે મૃતક પરેશ વસાવાના પિતાની ફરિયાદ નોંધી અકસ્માત કરનાર કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દેરોદ પાસે બે સંતાનના પિતાનો આપઘાત

કામરેજઃ મૂળ અમરેલીના ઘરાઈ ગામના વતની અને હાલ કામરેજના પાસોદરા પાટિયા પાસે શ્રીવિલા સોસાયટીમાં રહેતા ૪૩ વર્ષીય સંજયભાઈ વલ્લભભાઈ માલવીયાએ રવિવારે દેરોદ ગામની સીમમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. મૃતક શ્રીકૃપા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એમ્બ્રોઈડરીના લેસનું ખાતું ચલાવતા હતા. શનિવારે રાત્રે પત્ની સાથે છેલ્લી વાતચીત કર્યા બાદ તેઓ ઘરે પરત ફર્યા નહોતા. રવિવારે સવારે સાળાને ફોન કરી દવા પી લીધી હોવાની જાણ કરતાં પરિવારે શોધખોળ આદરી હતી. સારવાર માટે કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણને કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# માણેકપોર ચેકપોસ્ટ પાસે રૂ.1 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

**ગુપ્ત** ખાનામાં છુપાવી દારૂ લઈ જવાતો હતો



ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત જિલ્લા LCBની ટીમે બારડોલીના માણેકપોરમાં ને.હા.નં.53 પરથી વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા કુલ 1,38,99,120નો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના એક ચાલકની ધરપકડ કરવામાં આવી છે.

સુરત જિલ્લા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ ચિરાગકુમાર અને અમરતજીને ખાનગી બાતમી મળી હતી કે ટાટા કંપનીના કન્ટેનર ટ્રેલર નં.(RJ-52-GA-1021)માં વિદેશી દારૂનો મોટો જથ્થો નવાપુર થઈ સોનગઢથી બારડોલી તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે માણેકપુર ગામની સીમમાં ફાઉન્ટેન હોટલ સામે નાકાબંધી કરી તપાસ હાથ ધરવામાં આવતા, ટ્રેલરમાં બનાવેલા ખાસ ગુપ્ત ચોરખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 7,980 બોટલો મળી આવી હતી. પોલીસે આ કાર્યવાહીમાં 1,03,74,000ની કિંમતનો દારૂ, 35,00,000નું કન્ટેનર ટ્રેલર, પાંચ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 1,38,99,120નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઘટના સ્થળેથી ડ્રાઈવર ડુંગરારામ રાવતારામ મેઘવાલ (રહે., બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર હરલાલરામ જાટ (રહે.,બાડમેર)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# કોસંબામાં લટાર મારતાં દીપડાને પકડવા પાંજરું ગોઠવવા ગ્રામજનોની માંગ

**દીપડાના** ભયના કારણે ખેડૂતો ખેતરોમાં જતા પણ ગભરાય છે

હથોડાઃ કોસંબાની સીમમાં દીપડાના આંટાફેરાથી લોકો ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે. આ બાબતે રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાતી નથી.

માંગરોળના કોસંબા-હથોડા રોડ પર આવેલા ખેતરાડી વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડો મુક્તપણે લટાર મારી રહ્યો હોવાની ઘટના સામે આવી છે. દીપડાના સતત વિચરણને પગલે સ્થાનિક ખેડૂતોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને ભયના કારણે ખેતરે જવું પણ મુશ્કેલ બન્યું છે. આ ગંભીર સમસ્યા અંગે કોસંબા પંચાયતના મહિલા સરપંચ યાસ્મીન ફેસલ દાઉદજીએ વાંકલ રેન્જ ફોરેસ્ટ ઓફિસને લેખિતમાં જાણ કરી પાંજરું ગોઠવવા રજૂઆત કરી હતી.

જો કે, લાંબા સમય વીતવા છતાં વનવિભાગ દ્વારા હજુ સુધી પાંજરું મૂકવામાં ન આવતા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. તાલુકામાં અગાઉ પણ દીપડાના હુમલાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. ત્યારે વનવિભાગ કોઈ નિર્દોષ વ્યક્તિ પર હુમલો થાય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

આથી સત્વરે પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરવામાં આવે એ જરૂરી છે.